ગાંધીનગર સમાચાર
તા. ૪-૧૦-૨૦૧૪, શનિવાર

તંત્રી સ્થાનેથી....

દૂરદર્શન પર ભાગવત 'લાઇવ'

એક દિવસ અગાઉ દૂરદર્શન પર ગાંધીજીને એમની દોઢસોમી જયંતી પ્રસંગે 'સ્વચ્છ ભારતની' શુભેચ્છા ભેટ ધરવા માટેની ભવ્ય રાષ્ટ્રીય ઝુંબેશનું જીવંત પ્રસારણ ચાલતું હતું. બીજા જ દિવસે, દશેરા નિમિત્તે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતનું ઉદ્બોધન નાગપુરથી 'દૂરદર્શન', 'દૂરદર્શન ન્યૂઝ' સહિત કેટલીય ખાનગી ચેનલોએ 'લાઇવ' પ્રસારીત કરીને વર્તમાન સરકારની નીયત સામે પ્રશ્નાર્થ ખડો કરી દીધો છે. સરકારી ચેનલ તરીકે સરકારી પદાધિકારીઓ અથવા રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતાં પ્રસંગોનું જીવંત પ્રસારણ તો એક માન્ય પરંપરા બની ગયેલ છે, પરંતુ આરએસએસના વડાના નાગપુર ખાતેના વિજયાદશમી પ્રવચનનું લાઇવ પ્રસાર કરીને દૂરદર્શને સરકારને બિનજરૂરી મુસીબતમાં મૂકી દીધી છે. મોહન ભાગવત સંઘવડા છે, તેઓ સરકારી કે બંધારણીય પદ પર નથી. વળી સંઘ એ હિંદુત્વની વિચારસરણી ધરાવતું સંગઠન છે અને એની સામે ગાંધી હત્યામાં સામેલગીરીના આક્ષેપો પણ થયેલો છે, ગાંધીવાદીઓથી લઇ કોંગ્રેસ-એનસીપી જેવા વિપક્ષોને જ નહીં, રામચંદ્ર ગુહા જેવા ઈતિહાસકારને પણ દૂરદર્શનના આ અભિગમ સામે સખત વાંધો છે અને મહદંશે એ વાધો વાજપી પણ લાગે છે. ગુહાએ ટ્વિટ કરીને જણાવ્યું છે કે એક વાર સંઘ જેવા સાંપ્રદાયિક સંગટનને તક મળી એટલે કાલે મહંત-મુલ્લાં-પાદરી પણ એમના સંગઠનના વડા તરીકે 'દૂરદર્શન'નો દુરૂપયોગ કરવા પ્રેરાશે. કોંગ્રેસ અને એનસીપીએ તો સીધો જ આપેક્ષ ભાજપના નેતૃત્વવાળી સરકાર સામે કર્યો છે. સરકારના વડા ભલે મોટી મોટી રાષ્ટ્ર વિકાસની વાતો કરતા હોય પરંતુ એમનું રિમોટ કંટ્રોલ નાગપુર પાસે છે, એવો આક્ષેપ કરવાની તક વિરોધીઓને મળી ગઈ છે. સૌ જાણે છે કે સંઘ ભાજપને એની રાજકીય શાખાની જેમ ચલાવે છે. મોદી પોતે વર્ષો સુધી સંઘ પ્રચારકની ભૂમિકામાં રહ્યા પછી ભાજપમાં સક્રિય થયા હતા. અટલ બિહારી વાજપેયી અને અડવાણી કે મુરલી મનોહર જોષી પણ સંઘ સાથે જોડાયેલા રહ્યા છે. હવે એ જ સંઘ જયારે ભાજપનું સુવાંગ શાસન આવ્યું હોય ત્યારે પોતાનો એજન્ડા આગળ ન ધરે તો જ નવાઈ. સંઘ પ્રમુખ એમની વાત બહુ જ સ્પષ્ટ શબ્દોમાં કરતા રહ્યા છે. હિંદુ રાષ્ટ્ર એ સંઘનું સ્વપ્ન છે અને સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ એનો જાહેર કાર્યક્રમ છે. સંઘ ગાંધીવાદનો સમર્થક નથી, તે જગજાહેર છે. સંઘ પ્રમુખે ચીની આઇટમો આયાત કરવા સામે અને માંસની નિકાસ સામે પ્રતિબંધ લાદવાની વાત કરી છે, જે કોઇ પણ સંવેદનશીલ હિંદુને સ્પર્શે એવી બાબત છે. સરકાર સામે આ ગજાબહારનું કામ છે. સંઘે પારકા પૈસે - 'ઉધાર પૈસે' દિવાળી કરવાની નીતિનો પણ વિરોધ કર્યો છે. અર્થાત્ એ વિદેશી મદદ કે રોકાણોનું સમર્થન કરતો નથી. આટલા બધા વિરોધાભાસ છતાં સરકારે એના વડાને સરકારી ટીવી ચેનલ પર લાઇવ બ્રોડકાસ્ટની સુવિધા કરી આપી હોય તો એટલું તારણ તો અવશ્ય નીકળે કે સરકાર સંઘના દબાણ હેઠળ છે. એને 'ના' કહેવાની હિંમત એનામાં બચી નથી. અગાઉ મોદીએ ભાજપના કાર્યકરો સમક્ષ લોકસભાની ચૂંટણીમાં વિજય અપાવવા બદલ રાજનાથસિંહ અને અમિત શાહને જશ આપવાની ચેષ્ટા કરીને કહ્યું હતું કે આ પ્રજાનો વિજય છે, કોઇ એકલદોકલ વ્યક્તિના શિરે એના જશનો સેરો બાંધવાનું વલણ બરાબર નથી. પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી સંઘને એક મર્યાદામાં રાખી શક્યા હતા. વર્તમાન વડાપ્રધાને હજી સુધી એવી હિંમત દર્શાવી નથી તે સૂચક છે.

પર્યાવરણ બચાવો સંદેશ સાથે ભાવેશ પિપાલીયા ગાંધીનગરની મુલાકાતે આવ્યા

એબીવીપીના કાર્યકર ભાવેશ પિપાલીયા તેમની ટ્રોસાઈકલમાં ભારતયાત્રાએ નીકળ્યા છે

ગાંધીનગર, તા. ૩

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા હાથ ધરાયેલ પર્યાવરણ બચાવો અભિયાનના ભાગરૂપે વિશિષ્ઠરૂપે સક્ષમ કાર્યકર્તા ભાવેશ પિપાલીયા તેમની ટ્રોસીકલ પર ભારત ભ્રમણ માટે નીકળ્યા છે. તેમની આ યાત્રા દરમ્યાન તેઓ તાજેતરમાં ગાંધીનગર ખાતે પધાર્યા હતા.

ભાવેશ પિપાલીયાની આ ભારત ભ્રમણ યાત્રા તા. ૧૫મી ઓગસ્ટથી પ્રારંભ થઈ છે. અને ગુજરાતના વિવિધ જિલ્લા તાલુકાઓમાં ફરી રહી છે. આ ભારત યાત્રા દેશના ૧૭-૧૮ રાજ્યોમાં ભ્રમણ કરવાની છે. ભાવેશ પિપાલીયાના મત મુજબ વિકલાંગને રોજગાર અને પર્યાવરણ જાગૃતિ અભિયાન ગીનીસબુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં નોંધાશે. ભાવેશ પિપાલીયાનું ગાંધીનગર એબીવીપી દ્વારા સ્વાગત કરાયુ હતું તેમજ વિવિધ અગ્રણીઓ દ્વારા સન્માન કરાયું હતું.

મહિલા કોલેજમાં યોજાયો સંસ્કૃત ગરબા મહોત્સવ

ગાંધીનગર, તા.૩

ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજના સંસ્કાર ભવનમાં સંસ્કૃત વિભાગ દ્વારા સંસ્કૃત ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆતમાં દીપ પ્રાગટય કર્યા બાદ સંસ્થાના આચાર્યા ડૉ. અમૃતા પી. પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યું. સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. યોગીનીબેન વ્યાસે સંસ્કૃત ગરબાની લાક્ષણિકતાઓનો પરિચય આપ્યા બાદ સંસ્કૃત ગરબા ગાનની રજૂઆત કરી. સંસ્કૃત વિભાગના પ્રાધ્યાપકો ડૉ. રૂપા ચાવડા, પ્રો. જયરામભાઈ પટેલ તથા તમામ પ્રધ્યાપકશ્રીઓએ કાર્યક્રમને સફળ બનાવવા અનુસ્નાતક કક્ષાની બહેનોને પ્રોત્સાહન પુરું પાડયું. ગરબા સ્પર્ધાના નિર્ણાયકો તરીકે ડૉ. કીર્તિકમલ વાઘેલા તથા પ્રો. હરિત પટેલે સેવાઓ આપી. વિદ્યાર્થીનીઓએ અદમ્ય ઉત્સાહથી સમગ્ર કાર્યક્રમને માણ્યો હતો.

એચ.બી. કન્યા બાલ મંદિરમાં ગરબા મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૩

સર્વ વિદ્યાલય કડી કેમ્પસ સેક્ટર-૨૩ ખાતે અંબાની આરાધના આજ રોજ વી.એમ. કુમાર અને શ્રીમતી એચ.વી. કન્યા બાલમંદિરમાં નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે ગરબા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

ગુજરાતીઓના અતિપ્રિય અને સૌથી લાંબા ધાર્મિક પર્વ નવરાત્રીના આયોજનની શરૂઆતમાં વિશ્વવંદનીય મહાશક્તિ મા જગદંબાની પૂજા, આરાધના અને આરતી કરવામાં આવી. ત્યારબાદ પારંપરિક પોષાકમાં સજ્જ ભૂલકાઓએ વર્ગદીઠ શિક્ષિકા બહેનોની સાથે વારાફરતી ઉત્સાહભેર મન મુકીને ગરબાની રમઝટ જમાવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હીનાબેન કિએટીવીઝોનના ઈન્ચાર્જ શ્રીમતી કિરણબેન તેમજ ભગીની સંસ્થાના આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ખેલૈયાઓને મહેમાનશ્રીના હસ્તે ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. જેમાં વિદ્યાર્થીઓમાં પ્રથમ ક્રમે પ્રજાપતિ ધ્રુવ જુનીયરે દ્વિતિય ક્રમે ચૌધરી અર્નવ સિનિયરકેજી એફ તૃતીયક્રમે પટ્ટણી આર્યન જુનીયર એચ છોકરીઓમાં પ્રથમ ક્રમે પટેલ નેન્સી સિનિયરે દ્વિતિય ક્રમે મિયાણા માહિનૂર જુનિયરકેજી, તૃતીય ક્રમે પંડ્યા પ્લક્ષા સિનિયર બી વિજેતા રહ્યા હતા.

કડી સર્વ વિશ્વ વિદ્યાલયમાં સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની બી.એડ. અને એમ.એડ.ના તાલીમાર્થીઓએ સ્વચ્છતા હેતુ સાર્થક થાય તે માટે સ્વચ્છતા અભિયાન કાર્યક્રમનું આયોજન ગોઠવેલ હતુ. સ્વચ્છ ભારત અભિયાન અન્વયે કાર્યક્રમ યોજાયો હતો. ત્રણે કોલેજોની ઓફિસો, લેક્ચર હોલ, લાયબ્રેરી, મેથડરૂમ, સેમિનાર રૂમ વગેરેમાં પંખા, ટેબલ, ખુરશી, લોબી વગેરે બિલ્ડીંગની તમામ જગ્યાઓની સફાઈ કરવામાં આવી હતી અને પોતુ મારવામાં આવ્યું હતું. સ્વચ્છતા અભિયાનમાં ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન પ્રો. વીણાબેન પટેલ, બી.એડ. કોલેજોના બંને એચ.ઓ.ડી. અધ્યાપકો, તાલીમાર્થીઓ અને સેવકભાઈઓ જોડાયા હતા.

વેસ્ટમાંથી માત્ર ૭ સે.મી.નો ચરખો બનાવી ગાંધીજીને અનોખી શ્રધ્ધાંજલિ

આખી દુનિયાને ગાંધીજીએ અહિંસા, પ્રેમ અને સ્વચ્છતાનો સંદેશ આપીને વિશ્વ પ્રસિધ્ધ બની ગયાં. તેમની સાથે સાથે તેમનો ચરખો પણ જગવિખ્યાત બની ગયો છે. આ ચરખાના સથવારે તેમણે કાંતેલા રૂમાંથી બનેલી ખાદી દ્વારા નાના શ્રમજીવીઓનું જીવન પ્રકાશમય કરવાની સાથે આઝાદીની લડતને પણ વેગ આપી દુનિયાભરના તમામ રાજકીય ખેરખાંઓને અને અંગ્રેજ સરકારને દિગ્મૂઢ કરી દીધી હતી. આ વર્ષે ગાંધીજીની ૧૪૫મી જન્મજયંતિ દેશભરમાં ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવાઈ રહી છે. ત્યારે ગાંધીનગરના સેકટર-૪માં રહેતા એક શિક્ષણ વિભાગમાં ડ્રાઈવરની ફરજ બજાવતા ઓમપ્રકાશ પંચાલે નકામી ચીજવસ્તુઓનો ઉપયોગ કરી 'વેસ્ટમાંથી બેસ્ટ' મુજબ માત્ર ૭ સેમીનો ચરખો બનાવ્યો છે. આ ચરખા પર તેમણે ગાંધીજીનો ઉપદેશ 'મારું જીવન એ જ મારો સંદેશ' પણ લખ્યો છે. ગાંધીજીના આદર્શો મુજબ જ વેસ્ટના ઉપયોગ દ્વારા કરકસરથી આ ચરખો બનાવી અનોખી શ્રધ્ધાંજલિ આપવા પ્રયત્ન કર્યો છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

સ્વામી વિવેકાનંદ સાર્ધ શતાબ્દી વિશેષાંકનું વિમોચન યોજાશે

ગાંધીનગર, તા. ૩

ગુજરાત નગરપાલિકા પરિષદે તાજેતરમાં સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે સ્વામી વિવેકાનંદ સાર્ધ શતાબ્દી વિશેષાંક જુદા જુદા મહાનુભાવોને લખોવ તેમજ ઉપયોગી માહિતી સાથે તૈયાર કર્યો છે. અંકનું વિમોચન શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા મંત્રીશ્રી અને અન્ન નાગરિક પુરવઠાના હસ્તે તા. ૧૩મી ઓક્ટોબર સવારે અગીયાર કલાકે યોજાયેલ છે. અતિથિ વિશેષ પદે શ્રી નહરિભાઈ અમીન, ઉપાધ્યક્ષશ્રી, આયોજનપંચ હાજરી આપવાના છે.

જ્ઞાનકુંભ - દર્શન માર્ગ વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય ખેલાડી મલાઈકા ગોયેલ એ કઈ રમતમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો ?
➜ **શૂટીંગ**

૨. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય ખેલાડી ગણેશ માલીએ એ કઈ રમતમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો ?
➜ **વેઇટ લિફ્ટિંગ**

૩. ૨૦૧૪માં કયા ખેલાડીને 'એમ્બેસેડર ઓફ ગુલવિલ પુરસ્કાર' આપી સન્માનિત કરવામાં આવ્યો હતો ?
➜ **સાઇના નહેવાલ**

૪. ચીની સરકાર દ્વારા તિબ્બેટ ખાતે તૈયાર કરવામાં આવી રહેલ વિશ્વનાં સૌથી ઊંચા હવાઇ મથક દરિયાઇ સપાટીથી કેટલા મીટર ઊંચાઇ ધરાવે છે ?
➜ **૪,૪૧૧ મીટર**

૫. ૨૦૧૩માં ભારત અને ચીન વચ્ચે નવી દિલ્હી ખાતે કેટલામી વ્યૂહાત્મક મંત્રણા બેઠક યોજાઈ હતી ?
➜ **પાંચમી**

૬. ગુજરાત બજેટ-૨૦૧૪માં કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિ માટે કેટલા કરોડની જોગવાઈ કરવામાં આવી છે ?
➜ **૪૩૫૮ કરોડ**

૭. ૨૦૧૪માં શ્રમકૌશલ્યપંચમ ગુજરાતના કયાં સ્થળે યોજાયું હતું ?
➜ **મહાત્મા મંદિર, ગાંધીનગર**

૮. ૨૦૧૪માં ગુજરાતનાં ખાદીજગતમાં મધરફિગર તરીકે જાણીતા કયા પૂર્વ સાંસદનું તાજેતરમાં ૯૩ વર્ષની વયે નિધન થવા પામ્યું હતું?
➜ **જયાબેન શાહ**

૯. ૨૦૧૪માં જનસંઘર્ષ મંચના પ્રણેતા અને કયા જાણીતા એડવોકેટનું કેન્સરની લાંબી માંદગી બાદ નિધન થવા પામ્યું હતું ?
➜ **ડૉ. મુકુલ સિંહા**

૧૦. ગુજરાતના બાળકો અને યુવાનોને સંસદ ભવન જોવા માટે દિલ્હી જવું ન પડે તે હેતુસર ભૂજ નજીક કયાં ગામે મિનિ સંસદભવનની પ્રતિકૃતિનું નિર્માણ કરી રહેવામાં આવ્યું છે ?
➜ **ભૂજોડી**

૧૧. ગાંધીનગરના પ્રખ્યાત મહાત્મા મંદિરની ડિઝાઇન માટે અમદાવાદની કઈ સંસ્થાને રાષ્ટ્રીય એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો ?
➜ **'સેપ્ટ' સંસ્થા**

૧૨. ૨૦૧૩માં રાજયમાં સરકારે ૧૭ વર્ષ જૂની કઈ યોજના ઉપર પૂર્ણ વિરામ મુકી દીધું છે ?
➜ **ગોકુળ ગ્રામ યોજના**

૧૩. ૨૦૧૪માં બિહારમાંથી ૧૫૦૦ વર્ષ જૂની કઈ યુનિવર્સિટીના અવશેષો મળી આવ્યા છે ?
➜ **તિલાધક મહાવિશ્વવિદ્યાલય**

૧૪. ૨૦૧૪માં વિશ્વનું સૌથી લાંબુ રેલવે પ્લેટફોર્મ કયું જાહેર કરવામાં આવ્યું છે ?
➜ **ગોરખપુર**

૧૫. ભારત-ચીન ૨૦૧૪ને કયા વર્ષ તરીકે ઉજવશે ?
➜ **મૈત્રી વર્ષ**

૧૬. રાષ્ટ્રીય એકતા પરિષદની ૧૬મી બેઠક નવી દિલ્હી ખાતે કોના પ્રમુખ સ્થાને યોજાઈ હતી ?
➜ **ડૉ. મનમોહનસિંઘ**

૧૭. ૨૦૧૩માં દેશનાં પ્રથમ કૃત્રિમ રબર પ્લાન્ટનું ઉદ્ઘાટન કયાં થયું ?
➜ **પાણીપત, હરિયાણા**

૧૮. ૨૦૧૩માં ઈન્દિરા ગાંધી સેવા યોજના દ્વારા સર્વશ્રેષ્ઠ યુનિવર્સિટી પુરસ્કાર કોને પ્રદાન કરવામાં આવ્યો ?
➜ **મેંગ્લોર યુનિવર્સિટી, કર્ણાટક**

૧૯. ૨૦૧૩નો સર્વશ્રેષ્ઠ યુનિવર્સિટી પુરસ્કાર મેંગ્લોર યુનિવર્સિટીને કોના દ્વારા પ્રદાન કરવામાં આવ્યો ?
➜ **પ્રણવ મુખરજી**

૨૦. ૨૦૧૩ ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ કયાં યોજાઇ ગયો ?
➜ **ગોવા**

વૃધ્ધ દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૩

'વિશ્વ વૃધ્ધ દિન' નિમિત્તે આજરોજ હીરામણિ સાંધ્યજીવન કુટીરમાં રહેતા ૧૦૦ વડીલોના આશીર્વાદ લેવા હીરામણિ શાળાના ૨૦૦ વિદ્યાર્થીઓએ વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી, અને વડીલોને ગુલાબ આપી કંકુ તિલક, પેંડા ખવડાવી આશીર્વાદ લીધા હતા. ત્યાર બાદ ગીત-સંગીત, મીમીક્રી, અંતાક્ષરી જેવા મનોરંજક કાર્યક્રમો વિદ્યાર્થીઓએ રજુ કર્યા હતા. વૃદ્ધાશ્રમમાં રહેતા રામનારાયણ ખત્રીએ 'ગગો મારો મુંબઈ ગામે' જેવા કરૂણ ગીત ગાઈને સૌને ગમગીન બનાવી દીધા હતા. કાર્યક્રમમાં શાળાના આચાર્યો, શિક્ષકો, ચીફ વોર્ડન તેમજ સંસ્થાના પ્રમુખ નરહરિભાઈ અમીન હાજર રહ્યા હતા.

દીનદયાળ ઉપાધ્યાયની હત્યાના રહસ્ય પરથી પરદો ઊંચકતા બલરાજ મધોક : ડૉ. હરિ દેસાઇ

અખિલ ભારતીય જનસંઘના સંસ્થાપકોમાં સામેલ પ્રો.બલરાજ મધોકને જનસંઘના અધ્યક્ષપદ સુધી સ્વીકારાયા પછી એમને એકાએક જનસંઘમાંથી જ તગેડી મૂકવા પાછળ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ)ને પડકારવાની તેમની હિંમતને જવાબદાર લેખવી પડે. વર્તમાન ભારતીય જનતા પક્ષના પૂર્વ અવતાર લેખાતા જનસંઘની ૧૯૫૧માં સ્થાપનાથી લઈને ૧૯૭૩ સુધી એના નેતાપદે રહેલા પ્રો.મધોક સ્પષ્ટોક્તિ કરતા રહ્યા કે જનસંઘની સ્થાપનામાં સંઘની કોઈ ભૂમિકા નહોતી. સંઘ તો પાછળથી એમાં સામેલ થયો. જોકે પ્રો.મધોક ૧૯૬૬માં જનસંઘના અધ્યક્ષ બન્યા. એ પછી વર્ષ ૧૯૬૭-૬૮ દરમિયાન પંડિત દીનદયાળ ઉપાધ્યાય એના અધ્યક્ષ રહ્યા. ફેબ્રુઆરી ૧૯૬૮માં દીનદયાળની હત્યા પછી આ હોદ્દે અટલબિહારી વાજપેયી આવ્યા અને છેક ૧૯૭૩ સુધી રહ્યા. વર્ષ ૧૯૭૩થી '૭૭ દરમિયાન લાલકૃષ્ણ અડવાણી જનસંઘના અધ્યક્ષ રહ્યા. એ પછી જનસંઘનો જનતા પાર્ટીમાં વિલય થયો, પરંતુ બેવડી સદસ્યતા(જનતા પાર્ટી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ)ના મુદ્દે વિવાદ થતાં ૧૯૮૦માં જૂના જનસંઘીનેતાઓએ ભારતીય જનતા પક્ષની રચના કરવાનો સંકલ્પ સાકાર કર્યો. વર્ષ ૧૯૯૮થી ૨૦૦૪ સુધી બે બ્રેક સાથે કેન્દ્રમાં અટલ બિહારી વાજપેયીના વડપણ હેઠળ રાષ્ટ્રીય જનતાંત્રિક મોરચા(એનડીએ)ની સરકાર રહી.



કેન્દ્રમાં એનડીએની વાજપેયી સરકાર હતી ત્યારે જ પ્રો.બલરાજ મધોક 'દીનદયાળ ઉપાધ્યાય કી હત્યા સે ઇન્દિરા ગાંધી કી હત્યા તક' શીર્ષક હેઠળ પોતાની આત્મકથા 'જિન્દગી કા સફર-૩' લખી રહ્યા હતા. ૪ નવેમ્બર ૨૦૦૨ દીપાવલીના શુભ અવસરે એમણે નોંધ્યું: '૧૯૬૭ની સામાન્ય ચૂંટણીમાં મારા નેતૃત્વમાં ભારતીય જનસંઘ સત્તારૂઢ કૉંગ્રેસ પાર્ટીના સબળ રાષ્ટ્રવાદી લોકતાંત્રિક વિકલ્પ સ્વરૂપે ઉપસ્યો. ૧૯૬૭ના અંતમાં કાલીકટમાં મેં જનસંઘનું અધ્યક્ષપદ પંડિત દીનદયાળ ઉપાધ્યાયને સોંપ્યું.'

'શ્રી ઉપાધ્યાય સાથે મારી અંતિમ મુલાકાત ૩૧ ડિસેમ્બર ૧૯૬૭ના રોજ કાલીકટના સંઘચાલકના નિવાસ પર થઈ. મને એ ખૂબ ઉદાસ અને ગુમસુમ લાગ્યા. મને જાણવા મળ્યું હતું કે સંઘના સરકાર્યવાહ બાળાસાહેબ દેવરસ અધિવેશન વખતે કાલીકટમાં જામેલા રહ્યા હોવા છતાં તેમના લાડકા અટલ બિહારી વાજપેયી અને નાના દેશમુખને નવી કાર્યકારિણીમાં કોઈ મહત્ત્વપૂર્ણ પદ અપાયાં નહોતાં. મારું માથું ભમતું હતું. આ સંદર્ભમાં મેં 'જિન્દગી કા સફર'ના બીજા ભાગના સમાપનમાં લખ્યું છે: 'કાલીકટમાં જાણવા મળેલી કેટલીક વાતો અને અટલ બિહારી વાજપેયી તથા નાના દેશમુખના બદલાયેલા મિજાજથી મારા મનમાં ખટકો પેદા થયો હતો. પરંતુ જન્મજાત આશાવાદી હોવાના કારણે હું જનસંઘ અને પોતાના માટે શુભની આશા સાથે જ પાછો ફર્યો.' પરંતુ છ સપ્તાહ પછી પં. દીનદયાળ ઉપાધ્યાયના મૃત્યુના સમાચાર મળ્યા અને મારા આશાવાદને ધો પહોંચ્યો. મેં મુગલસરાયમાં તેમનાં કપડાં અને વારાણસીમાં શબ પરીક્ષણ ગૃહમાં તેમના શબને મારી સગ્ગી આંખે નિહાળ્યું.'

પ્રો. મધોક ઈતિહાસના વિદ્યાર્થી અને અધ્યાપક રહ્યા. ઈતિહાસમાં તથ્ય પવિત્ર લેખાતાં હોવાના દૃઢ મત સાથે તેઓ પંડિત દીનદયાળ ઉપાધ્યાયની હત્યાનાં તથ્યની શોધખોળમાં લાગી ગયા. એમણે નોંધેલી બાબતો નવા વિસ્ફોટ સર્જવા માટે કારણભૂત બની. દીનદયાળ ઉપાધ્યાયની હત્યાની તપાસથી એમને દૂર રાખવામાં આવ્યા. સીબીઆઈ તપાસનાં તથ્યો થકી તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધી જનસંઘના એ વેળાના નેતાઓને બ્લેકમેઈલ કરી રહ્યાં હોવાનું પણ એમણે અનુભવાયું.

પ્રો.મધોકે નોંધ્યું: 'દીનદયાળ ઉપાધ્યાય માત્ર છ સપ્તાહ સુધી જ જનસંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ રહ્યા. આ સમયગાળામાં એ ઝાઝું કાંઈ કરી શક્યા નહીં. પરંતુ ૧૪ વર્ષ સુધી જનસંઘના મહામંત્રી રહીને એમણે પોતાના વ્યક્તિત્વ અને કર્તૃત્વથી જનસંઘના કાર્યકર્તાઓ પર અમીટ છાપ છોડી.' 'એમની હત્યા કેમ કરવામાં આવી, હત્યાનું પ્રાડયંત્ર કોણ કોણ લોકોએ ઘડ્યું, આવું કરવા પાછળનો તેમનો હેતુ અને પ્રયોજન શું હતું, એના પર હજુ સુધી રહસ્યનો પરદો જ પડેલો છે. પરન્તુ આ પરદો દૂર થશે જરૂર, કારણ એમની હત્યાના સંબંધમાં પરિસ્થિતગત સાક્ષ્ય ખાસ્સાં બોલકાં છે.' 'ઈતિહાસનો વિદ્યાર્થી હોવાથી મને વિશ્વાસ છે કે દીનદયાળ ઉપાધ્યાયનું લોહી પણ માથે ચડીને બોલશે, ઈતિહાસ એમની સાથે ન્યાય કરશે અને એમની હત્યાનું પ્રાડયંત્ર કરવાવાળાઓને ખુલ્લા પાડશે.'

'હત્યા કે પીછે કૌન? એક ગહરાતા રહસ્ય' પ્રકરણમાં પ્રો.મધોક ખુલીને વાત કરે છે. વાજપેયી સાથેની તેમની વાતચીતમાં દીનદયાળ માટે ઝલકતી ઘૃણાનો એ ઉલ્લેખ કરે છે. વળી દીનદયાળની હત્યાનો સીધો લાભ વાજપેયી અને નાના દેશમુખને મળેલા અનુક્રમે અધ્યક્ષ અને મહામંત્રીના હોદ્દાઓથી સ્પષ્ટ થતો હોવાનું પણ મધોક નોંધે છે. 'સરસંઘચાલક શ્રી ગુરુજીનો અટલ બિહારી વિશે સારો મત નહોતો એ વારણસીમાં તેમણે મને જે કહ્યું તેમાં આભાસ મળી જાય છે.' '૧૦ ફેબ્રુઆરીએ સવારે ૧૧ વાગ્યે રિક્ષામાં આવેલી વ્યક્તિએ દીનદયાળ ઉપાધ્યાયની હત્યાના કાવતરામાં જનસંઘના એક કેન્દ્રીય અધિકારી સામેલ હોવાનો સંકેત આપીને કહ્યું હતું કે બચાવી શકાય તો બચાવી લેજો. એ વ્યક્તિએ નામ પણ લખીને આપ્યું હતું. એ હતું નાના દેશમુખ'. ૧૧ ફેબ્રુઆરીએ સવારે દીનદયાળની લાશ મળી હોવાનું સૂચક છે. સંઘ પરિવારમાં હોદ્દેદાર માટે અધિકારી શબ્દ પ્રયોગ થાય છે. સંઘ પરિવારની પરિભાષા નોખી હોવાથી સંબંધિત વ્યક્તિ પોતીકી છે કે પારકી એ તેની ભાષા અને શબ્દપ્રયોગ પરથી સમજી લેવાય છે.

મધોક નોંધે છે કે દીનદયાળને ગુરુજી પોતાના અનુગામી જાહેર કરે એવી ધાસ્તી બાળાસાહેબ દેવરસને હતી. સંઘના એ વેળાના સરકાર્યવાહ એકનાથ રાનડે વિવેકાનંદ શિલા સ્મારક પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા હતા. એટલે એમના સ્થાને યોગ્ય વ્યક્તિની શોધ હતી. મધોકને સીબીઆઈ તપાસ અને ચંદ્રચુડ તપાસપંચની કામગીરી પણ શંકાસ્પદ લાગી હતી. ખાસ કરીને ચંદ્રચુડ પંચ સમક્ષ કોણ જુબાની આપશે એનો નિર્ણય જનસંઘના મહામંત્રી નાના દેશમુખ કરી રહ્યા હતા. એટલે ગૃહમંત્રી ચૌધરી ચરણસિંહ સમક્ષ દીનદયાળની હત્યાની નવેસરથી તપાસની માંગણી ડૉ.સુબ્રમણિયન સ્વામીએ જનતા પાર્ટી સરકાર વેળા કરી હતી. 'ચૌધરી ચરણ સિંહ એ માટે તૈયાર હતા. પરંતુ જનતા સરકારના જનસંઘી મંત્રી જેમાં અટલ બિહારી વાજપેયી અને લાલકૃષ્ણ અડવાણી મુખ્ય હતા, તેમણે એવું કરવાની ના પાડી દીધી.' પ્રો. મધોક કડવાં સત્ય કહેવા કે નોંધવામાં સંકોચ કરતા નથી. વાજપેયી સાથે જ ૩૦ રાજેન્દ્ર પ્રસાદ રોડ પર રહેતા એ વેળાના જનસંઘના કેન્દ્રીય કાર્યાલય મંત્રી અને પછીથી સાંસદ થયેલા જગદીશ પ્રસાદ માથુરની ફરિયાદ ટાંકીને પ્રો. મધોક લખે છે: 'એમણે મને ફરિયાદ કરી હતી કે એમણે મકાનને વ્યભિચારનો અડ્ડો બનાવી દીધો હતો. ત્યાં રોજ નવી નવી છોકરીઓ આવતી હતી.' પ્રો. મધોકે વાજપેયીને લગ્ન કરી લેવાની સલાહ પણ આપી હતી, અન્યથા તેમની બદનામી સાથે પક્ષની છબીને પણ ધો(ડાઘ) લાગશે.

પ્રો.મધોક નોંધે છે: 'શ્રી દીનદયાળ ઉપાધ્યાયની હત્યા અંગે ઉપલબ્ધ માહિતીને લિપિબદ્ધ કરવા પાછળનો મારો એકમાત્ર હેતુ તથ્યોને સુરક્ષિત કરવાનો છે. ઈતિહાસનું મૂલ્યાંકન સંબંધિત વ્યક્તિઓના મૃત્યુ પછી ઘણા વખત પછી માત્ર તથ્યોના આધારે જ થાય છે. ઈતિહાસનો આ મૌલિક સિદ્ધાંત છે કે તથ્ય પવિત્ર હોય છે. એના પર ઢાંકપિછોડો કરવો કે તેમને વિકૃત રીતે રજૂ કરવાં એ તો સત્ય અને ઈતિહાસ સાથે અન્યાય કરવા સમાન મનાય છે.'

સંબંધિત પ્રકરણના અંતમાં પ્રો.બલરાજ મધોકનો નિપ્રકર્પ્રા કાંઈક આવો છે: 'એક બાબત સ્પષ્ટ છે. દીનદયાળ ઉપાધ્યાયની હત્યા પાછળ ના તો કૉમ્યુનિસ્ટોનો હાથ હતો કે ના કોઈ ચોરનો. જો તે ચોરીનો મામલો હોત (સીબીઆઈ અને ન્યા. ચન્દ્રચુડની તપાસના તારણની જેમ)તો કમસે કમ એમના ખિસ્સામાંનાં નાણાં અને ઘડિયાળ તો ચોર જરૂર લઈ જાત. દીનદયાળને (વાજપેયીએ કહયા તેમ)કજિયાખોર કહેવા એ તો ચંદ્રમા પર થૂંકવા જેવું છે. એમની હત્યા કોઈ ભાડૂતી હત્યારા મારફત કરાવાઈ હતી. પરંતુ હત્યા કરવાવાળા પ્રાડયંત્રકારી સંઘ-જનસંઘના એ મહત્ત્વાકાંક્ષી અને ગુનાખોરવૃત્તિના લોકો હતા. તેમને જ દીનદયાળની હત્યાથી સીધો લાભ થયો.'

'તેઓ ઈચ્છતા હતા કે સત્યને છુપાવવા માટે દીનદયાળના મૃત્યુને હું દુર્ઘટના કહું, હત્યા નહીં. તેઓ એ પણ જાણતા હતા ક